ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



જયદીપ ડી વ્યાસ
મો. ૭૫૬૭૨ ૧૬૬૬૯



વિવેક જે મહેતા
મો. ૭૮૭૮૬ ૨૭૨૯૬



આહના મેહુલ શાહ
મો. ૯૮૨૫૫ ૩૧૬૬૯



પ્રેષ્ઠા કુણાલ ગઢવી
મો. ૯૯૨૫૨ ૪૫૬૦૭

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

## રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા

# ચીનની તાઓ ફિલોસોફી અને પ્રાચીન ભારતીય વૈદિક ફિલોસોફી વિષે રસપ્રદ વ્યાખ્યાન







ગાંધીનગર, તા. ૨૬

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે બે રાષ્ટ્રોના તત્વજ્ઞાનની વિશેષતાઓ સંબંધિત વ્યાખ્યાન યોજાઈ ગયું. રોટરી ક્લબ ઓફ કેપિટલનાં સ્થાપક સભ્ય અને ગુજરાત સરકારમાં અધિક સચિવ તરીકે સેવાઓ આપતા શ્રી અનિલભાઈ પટેલ બંને દેશો વચ્ચેનાં આધ્યાત્મિક વારસાના આદાન-પ્રદાનનાં આ કાર્યક્રમમાં માધ્યમ બન્યા હતા. સૌથી પહેલા શ્રી અનિલભાઈનાં નિવાસસ્થાને રોટરી ક્લબનાં સભ્યો સાથે આધ્યાત્મિક ચર્ચાઓ કરવામાં આવી હતી. ત્યારબાદ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા છેલ્લા ૧૦ વર્ષોથી સતત સેવાકીય સહયોગ પ્રદાન કરવામાં આવે છે તેવી આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે એક ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યુંહતું.

આ ચર્ચાસભામાં સૌપ્રથમ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણાએ સૌને આવકાર્યા હતા. ત્યારબાદ શ્રી અનિલભાઈ પટેલે તાઓ ફિલોસોફીનાં અમેરિકાનાં ન્યુયોર્ક સ્થિત ચાઈનીઝ માસ્ટર કુઓ શેન હાન, તાઈવાનનાં પ્રચારકો કુઓ શેન્ગ ચી અને કાન્ગ ચુ ત્સુઈ, મલેશીયાનાં પ્રચારક દિલીપ કુમાર, સિંગાપુરની પ્રચારિકા કુ. ઈવેલીન કેર અને કુ. ક્વેક જેઓક હોન્ગનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ માસ્ટર કુઓ શેન હાન દ્વારા તાઓ ફિલોસોફીની માન્યતાઓ વિશે સમજ આપી હતી. તેમણે કહ્યું હતું કે તાઓઈઝમ એકતત્વમાં માને છે. તેમણે એવો દાવો કર્યો હતો કે જ્યાં સુધી બધા એકતત્વને સમજીને તેનો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી સંવાદિતા સંભવ નથી.

વૈદિક ફિલોસોફી વિષે શ્રી અરવિંદભાઈ રાણાએ સૌને માહિતગાર કર્યા હતા. અરવિંદભાઈ રાણાએ કહ્યું હતું કે તાઓ ફિલોસોફી અદ્વૈતવાદ જેવી છે. જેમાં એક જ ઈશ્વર તત્વને એનર્જીનાં રુપમાં માનવામાં આવે છે. તાઓ ફિલોસોફીની જેમ વૈદિક દ્દષ્ટિએ પણ ઈશ્વર અર્થાત ચેતન પદાર્થ સર્વવ્યાપક છે. તેમણે બંને વિચારધારાની સમાનતાઓ અને અસમાનતાઓ વિશે સમજણ આપી હતી. તેમણે કહ્યું હતું કે વૈદિક તત્વજ્ઞાનમાં ઈશ્વર, જીવ અને પ્રકૃતિ એમ ત્રણ તત્વોને અનાદિ માનવામાં આવે છે. ઈશ્વર અને જીવ ચેતન તત્વો છે અને પ્રકૃતિ જડ તત્વ છે.

આ રસપ્રદ ચર્ચામાં શાળાની ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓએ અને અન્ય સભ્યોએ અનેક પ્રશ્નો પૂછીને જ્ઞાનાર્જન કર્યુ હતું. રોટરી ક્લબનાં જગતભાઈ કારાણી, અભેરાજભાઈ ચૌધરી, યુવરાજસિંહ વાઘેલા વગેરે સભ્યો દ્વારા દ્વારા પણ કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરી ચર્ચાને જીવંત બનાવી દેવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં આભારવિધિ સંયોજક શ્રી અનિલભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# વુમન્સ એૅચીવર્સ એૅવોર્ડ માટે ઉમેદવારીપત્રો ભરવાની તક

ગાંધીનગર, તા. ૨૬

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાત વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને ઉદગમ વુમન્સ એચીર્વસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે સતત આઠમા વર્ષે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'નારી શકિત કો સલામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. સાત વર્ષમાં વિવિધ ક્ષેત્રની ૧૫૧ નારીઓને ઉદગમ વુમન્સ એચીર્વસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે

વર્ષ ૨૦૧૭ના આઠમા ઉદગમ વુમન્સ એચીર્વસ એવોર્ડ માટે સમાજ સેવા, તબીબી, આર્થિક, આરોગ્ય, શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ, કોરપોરેટ જેવા વિવિધ ક્ષેત્રમાં નોંધનીય કામગીરી કરનાર નારીઓને એવોર્ડથી સન્માનિત કરવામાં આપની જાણકારી હોય એવા પ્રતિભાસંપન્ન મહિલાની દરખાસ્ત કરવા નગરના સક્રિય નાગરીકોને જાહેર વિનંતી છે. આ માટેના નોમીનેશન ફોર્મ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટની ઓફિસ પ્લોટ નં. ૮૧૮, પોલીસ ચોકી સામે, સેક્ટર-૦૮, ગાંધીનગર (૯૪૨૭૩ ૮૦૭૮૮/૨૩૨૩૫૪૧૩), આશાબેન સરવૈયા (૯૮૨૫૩ ૩૩૬૭૫), વર્ષાબેન પારેખ (૯૭૨૭૪ ૨૯૨૯૪) અથવા www.udgam.orgથી મેળવી તા. ૩જી માર્ચ ૨૦૧૭ સુધી પરત કરવાના રહેશે.

# કલા શિક્ષકોની ભરતી મુદ્દે ૧૦મીએ પ્રતીક ઉપવાસ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા પંદર વર્ષથી ચિત્રના શિક્ષકોની ભરતી કરવામાં ન આવતા કલા શિક્ષકોમાં ભારે રોષ ફેલાયો છે. આ મુદ્દે આગામી ૧૦ માર્ચના રોજ કલા શિક્ષક સંઘ દ્વારા ગાંધીનગર ખાતે પ્રતીક ઉપવાસ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. અગાઉ અનેક વખત કલા શિક્ષકો દ્વારા ભરતીને લઈને સરકારમાં રજૂઆત કરાઈ હતી પરંતુ શિક્ષકોની ભરતી ન કરાતા આક્રોશ ફેલાયો હતો.

# એૅમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજની એૅનએૅસએૅસ શિબિર

ગાંધીનગર, તા. ૨૬

એૅમ પી શાહ એૅજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એૅમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીની એૅનએૅસએૅસ શિબિર નંદાસણ મુકામે યોજાઈ હતી.

આ શિબિરમાં કૉલેજની ૫૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. શિબિર દરમિયાન કૅમ્પસ સફાઈ, ગ્રામ સફાઈ, બાળ તંદુરસ્તી સ્પર્ધા, ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ભગિની સંસ્થા ફિઝીયોથેરાપી, કડીના સંયુક્ત ઉપક્રમે ફ્રી નિદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ડિજીટલ બૅન્કિંગ, વ્યક્તિત્વ વિકાસ, મહિલા પોલીસ ભરતી, દંતચિકિત્સક રોગ અને સારવાર તથા એઈડ્સ અંગે વિવિધ નિષ્ણાતોનાં વકતવ્યો આયોજિત કરવામાં આવ્યાં હતાં.

શિબિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં કડી નગરપાલિકાના પ્રમુખ કનુભાઈ પટેલ, સંસ્થાના મંત્રી નલિનભાઈ શાહ, કારોબારી સભ્ય જયદીપભાઈ બ્રહ્મભટ્ટ, સુરેશભાઈ પટેલ, નંદાસણ જૂથ કેળવણી મંડળના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, કડી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મીરસાબમીયાં સૈયદ, ગ્રામ પંચાયતના સરપંચ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમાપન કાર્યક્રમમાં બેલાબેન નલિનભાઈ શાહ, મહેસાણા જિલ્લા પંચાયતનાં સદસ્ય મંજુલાબેન પટેલ, કડી નગરપાલિકાનાં સભ્ય ઉષાબેન પંડ્યા અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર શિબિરનું સંચાલન આચાર્ય ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ એૅનએૅસએૅસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રમેશસિંહ ચૌહાણ તથા કમિટીના સભ્ય પ્રા. જી આઈ મારુ, ડૉ. વંદનાબેન ઠક્કર, પ્રા. ડી કે ચૌધરી તથા પ્રા. ડૉ. મધુબેન ઠક્કરે કર્યુ હતું.

# એૅસ જી અંગ્રેજી સ્કૂલમાં વિજ્ઞાપન સ્પર્ધા યોજાઈ



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓમાં અભિનય કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી વિજ્ઞાપન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ હેલ્થ, હેન્ડ વોશ, સ્વચ્છતા, ડિટરજન્ટ પાવડર, વીજળી બચાવો, ટૉમેટો સૉસ, સૅલ્યુલર સર્વિસ, ન્હાવાના સાબુ વગેરે વસ્તુઓના વિજ્ઞાપન ડેમો રજૂ કર્યા હતા. પ્રત્યેક ધોરણમાંથી વિજેતાની પસંદગી કરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

માનવ
ગમે તેટલો
પ્રયત્ન કરી લે
પરંતુ
અંધારામાં છાયા
ઘડપણમાં કાયા
અને અંત સમયે માયા
સાથ
નથી જ આપતી

# સરકારી પ્રાથમિક શાળા, સક્ટર-૮નો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૮ દ્વારા પોતાના ચોથા વાર્ષિક મહોત્સવનું આયોજન રંગેચંગે કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ધોરણ-૧થી ૮ તથા એૅસટીપીના તમામ વિદ્યાર્થીઓએ પોતાની આગવી કળા અને શક્તિનું પ્રદર્શન કર્યું હતું.

બાળગીતો, દેશભક્તિ ગીતો, પ્રાર્થના નૃત્ય, ડાન્સ, સ્વાગત ગીત, નાટક, કવ્વાલી, ભવાઈ તથા લોકગીત જેવી રંગબેરંગી કૃતિઓથી આ વાર્ષિક મહોત્સવ રંગીન થઈ ઊઠ્યો હતો, જેની ખૂબ સરાહના વાલીઓ અને પ્રેક્ષકો દ્વારા કરવામાં આવી હતી.

# આર સી પટેલ સ્કૂલ દ્વારા માતૃભાષા દિન નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી એૅન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે 'માતૃભાષા દિન' નિમિત્તે માતૃભાષાના મહત્ત્વ વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન જુનિયર ચૅમ્બર ઑફ ઈન્ડિયાના ઉપક્રમે કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જુનિયર ચૅમ્બરનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધીએ આ પ્રસંગે ઈનામો આપી વિદ્યાર્થીઓ તથા સ્ટાફમિત્રોને નવાજ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક કેતકીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મારા ઘડતરમાં મારી સ્કૂલનો ફાળો અમૂલ્ય રહ્યો છે

## સંવેદના 'મારી યાદગાર સ્કૂલ'

મારા માદરે વતન કડિયાદરાની શ્રી જે એૅમ તન્ના હાઈસ્કૂલ મારી યાદગાર સ્કૂલ. ઈડર સ્ટેટ વખતથી કડિયાદરા કેળવણી મંડળ આગવું નામ, તેથી કડિયાદરાને કેળવમી માટે 'લાઈટ હાઉસ ઑફ ઈડર સ્ટેટ'થી ઓળખવામાં આવતું હતું.

આઠમા ધોરણમાં હાઈસ્કૂલમાં ભણતો હતો ને પિતાજીનું અવસાન થતાં કડિયાદરા કેળવણી મંડળના માનદ મંત્રી કાલિદાસ પંચાલે મારા શિક્ષણની જવાબદારી સંભાળી. આર્થિક સ્થિતિ ખૂબ દયનીય. મારાં માતા રહેમતબેન દમનાં દર્દી. હું ને મારો નાનો ભાઈ કનુ બંને માંદાં માની સેવા કરતા, કૂવેથી ખેંચીને પાણી ભરતા, કપડાં ધોતા, વાસણ માંજતા તો કોઈક વાર રસોઈ પણ બનાવતા. ને પછી હાઈસ્કૂલમાં બણવા જવાનું. ક્યારેક શાળાએ જવાનું મોડું પણ થઈ જતું છતાં અમારા ગુરુજનો વઢતા નહીં. કારણ તેઓ ઘરની પરિસ્થિતિથી વાકેફ હતા. પાડોશમાં રહેતા મારા ગુરુજી અંબાલાલ પટેલ મારું ખૂબ ધ્યાન રાખતા. ક્યારેક મને પુસ્તકો, પૅન, નોટબૂક આપતા. મારી ભણવાની હોંશ હોવાથી અંગ્રેજીના શિક્ષક ધર્મેન્દ્રભાઈ નિનામાના ઘરનું કામ કરતો અને મને તેઓ ખૂબ પ્રેમથી અંગ્રેજી શીખવતા.

ગણિત-વિજ્ઞાનમાં મને પહેલેથી જ રસ નહીં તેથી ત્રિમાસિક પરીક્ષામાં વિજ્ઞાન વિષયમાં નાપાસ થયો. વિષય શિક્ષક મોહનભાઈ પંડ્યા કહે, 'ગરીબ છો ને ભણવામાં નાપાસ થાઓ તે કેમ ચાલે ?' એમના શબ્દો હૈયા સોંસરવા ઊતરી ગયા ને મહેનત શરૂ કરી. છમાસિક પરીક્ષામાં વિજ્ઞાનમાં પાસ થયો ને પંડ્યાસાહેબે પીઠ થાબડી.

ગુજરાતી વિષયના ગુરુજી પી જે પટેલ મને ખૂબ પ્રોત્સાહિત કરતા. મને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ હોવાથી નાટકમાં ભાગ લેવાની તક મને પૂરી પાડતા ને વર્ગમાં ગાવાનું તો મારા અને સહાધ્યાયી રમીલાબેનના ફાળે જ આવે.

આ હાઈસ્કૂલમાં મારું ઘડતર થયું ને મારી આગવી ઓળખ ઊભી કરવામાં મારા ગુરુજીઓએ અમૂલ્ય ફાળો આપ્યો. હું આજે જે કાંઈપણ છું તેમાં મારી સ્કૂલનો ફાળો છે.

**- ભીખુ કવિ**

રાજ્યની અન્ય સંસ્થાઓને અનુકરણીય બની રહે તેવી સામાજિક સ્વાસ્થ્યની મરામત કરનારી ગાંધીજીની કલ્પના મુજબની ગ્રામ સેવા મંદિર નામની સંસ્થા તત્કાલિન મહેસાણા જિલ્લાના પરંતુ હાલ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામમાં કાર્યરત છે. બ્રિટીશ શાસનમાં વર્ષ ૧૯૩૦માં આ સંસ્થાનો જન્મ થયો હતો. સ્વતંત્રતા સંગ્રામના સેનાની, સામાજિક કાર્યકર અને પ્રખ્યાત કેળવણીકાર નટવરલાલ પંડિત આ સંસ્થાના અગ્નિહોત્રી છે.

ગામની સેવા સાથે સંસ્કારોનું સિંચન કરતી આ સંસ્થા મારી યાદગાર સ્કૂલ છે. સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી આ સ્કૂલમાં મેં ૧૯૫૬થી ૧૯૬૦ સુધી અભ્યાસ કર્યો છે, જેને હું વિસરી શકું તેમ નથી.

સ્વ. પંડિતજીએ આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં આ ગામમાં સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું હતું, જેમાં વિદ્યાર્થીઓનું પ્રદાન અનેરું રહ્યું હતું. સંસ્થા મારફત ગામમાં શ્રમ શિબિરો યોજવી, પ્રભાત ફેરી કાઢવી, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતોની સમજ આપતી તાલીમ શિબિરો, અસ્પૃશ્યતા નિવારણ કાર્યક્રમો, સમૂહ ભોજન, સુતર કાંતણ જેવા વિવિધ કાર્યક્રમો યોજાતા હતા. શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થી પોતે શિક્ષક બની વિદ્યાર્થીઓને ભણાવે તે યાદગાર પ્રસંગો હજુ ભૂલાયા નથી.

આ સ્કૂલમાં અભ્યાસ કરતા સાયન્સના વિદ્યાર્થીઓ માટે અદ્યતન લૅબોરેટરી ઉપલબ્ધ હતી, જેનો લાભ લઈ ઘણા વિદ્યાર્થીઓ ડૉક્ટર બન્યા છે અને પોતાની હૉસ્પિટલ્સ પણ ઊભી કરી છે. આ સ્કૂલમાં અભ્યાસ કરીને કેટલાય વિદ્યાર્થીઓ ઍન્જિનીયર, પ્રૉફેસર કે સરકારી અધિકારી બન્યા છે તો કેટલાક વિદ્યાર્થીઓ અમેરિકામાં વધુ અભ્યાસ કરીને ત્યાં જ સ્થાયી થયા છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓને રચનાત્મક પ્રવૃત્તિ સાથે પધ્ધતિસરનું શિક્ષણ આપનાર શિક્ષક ગણનો ફાળો પણ અમૂલ્ય રહ્યો છે.

સ્વ. પંડિતજીની દોરવણી નીચે ગ્રામ વિદ્યાપીઠની પણ સ્થાપના કરવામાં આવી છે. આ વિદ્યાપીઠનું શિક્ષણ સર્વાંગી બને તે માટે બાલવાડીથી માંડીને પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અભ્યાસક્રમો ઉપરાંત પીટીસી સ્ત્રી અધ્યાપન મંદિર સહિત વિવિધ શાખાઓ આજે વટવૃક્ષ સમ વિસ્તાર પામી છે. મારા ઘડતરમાં આ સંસ્થાનો ફાળો અમૂલ્ય રહ્યો છે.

**- એમ આર ચૌહાણ**
**સેક્ટર-૩ સી**

હું જ્યારે નાનો હતો ત્યારે અમે લોકો દરિયાખાન ઘુમ્મટ કૉલોની, શાહીબાગમાં રહેતા હતા અને તે એ કૉલોની તરીકે જાણીતી હતી. ત્યારે હું મારા-પિતાની સાથે રહેતો હતો. એ જમાનો મ્યુનિસિપાલિટીનો હતો. ખાનગી સ્કૂલો ખૂબ સોંઘી હતી. મારા પિતાજી સરકારી નોકરી કરતા હતા અને તે સમયે તેમનો પગાર ખૂબ ઓછો હતો. હું જ્યારે પાંચમા ધોરણમાં આવ્યો ત્યારે મને એૅચ બી કાપડિયા સ્કૂલ, દિલ્હી ચકલામાં પ્રવેશ મળ્યો હતો. આ વાત ૧૯૬૮ની છે. સાતમા ધોરણ સુધી હું અહીં ભણ્યો. સ્કૂલની શિસ્ત ખૂબ કડક હતી અને પાંચમા ધોરણથી અંગ્રેજીનો અભ્યાસ અહીં કરાવાતો હતો. પરંતુ અહીં શિક્ષકોના માધ્યમથી જે શીખવા મળ્યું એ આજીવન યાદ રહ્યું છે. અને એ કારણે જ સુખમય સરકારી નોકરી કરીને હાલ નિવૃત્ત જીવન ગાળી રહ્યો છું ને મનોમન મારી આ સ્કૂલ પ્રતિ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી રહ્યો છું.

**- જિજ્ઞાસુ આર વ્હોરા**
**સેક્ટર-૨૭**

૭૮ વર્ષની વયે મને મારી સ્કૂલ યાદ આવે છે ત્યારે આંખમાં હર્ષનાં આંસુ આવી જાય છે. હું અત્યારે જે સુખ ભોગવી રહી છું તે સ્કૂલને કારણે.

૧૯૪૮માં હું પોરબંદર આર્ય કન્યા ગુરુકુલમાં દાખલ થઈ અને અહીં મેં એૅસએૅસસી સુધીનો અભ્યાસ કર્યો.

પ્રાચીન કાળના આશ્રમ જેવું અહીંનું વાતાવરણ હતું. સવારના વહેલા ઊઠવાનું, સંધ્યા હવન કરવાના. અત્યારે આપણે યોગાસનને આટલું મહત્ત્વ આપીએ છીએ પણ ત્યારે પણ યોગાસન, કસરત અમે કરતાં, સ્વીમિંગ શીખતાં, ઘોડેસવારી કરતાં, લેઝિમ, લાઠી, ભાલા, બંદૂક વગેરે શીખતાં. મને બંદૂક ચલાવવાની સ્પર્ધામાં ઈનામ પણ મળ્યું હતું. પંડિત જવાહરલાલ નહેરુ પધાર્યા હતા ત્યારે બંદૂક સાથે સ્વાગત કરનારા વિદ્યાર્થીઓમાં મારો પણ સમાવેશ હતો.

વૅકેશનમાં કાશ્મીર, દક્ષિણ ભારત વગેરે પ્રવાસમાં જતાં, દિવાળીના વૅકેશનમાં સૌરાષ્ટ્ર વગેરે જગ્યાએ પ્રવાસમાં જતાં. જ્ઞાન સાથે ગમ્મતનો આનંદ મળતો, એ સ્કૂલ હંમેશાં યાદ રહેશે. ત્યાં એૅસએૅસસીની પરીક્ષા આપીએ ત્યાં સુધીમાં હિન્દીમાં પ્રારંભિક, પ્રવેશ, પરિચલ અને કોવિદની પરીક્ષા આપવાની રહેતી. આ ઉપરાંત ડ્રોઈંગ, સીવણ, સંગીતની પરીક્ષા પણ ખરી. રસોઈ પણ શીખવવામાં આવતી. સાંસ્કૃતિક પ્રોગ્રામ, ગરબા, રંગોળીમાં ગુરુકુળનો નંબર આવતો. એ રીતે જીવન જીવવાનું સાચું શિક્ષણ મળ્યું, પોતાનું કામ જાતે કરવાનું શીખ્યાં ને સ્કૂલે જ શ્રમનું મહત્ત્વ પણ શીખવ્યું. ત્યાં જ રહેવાનું હોવાથી શિક્ષિકા બહેનોનો પ્રેમ મળ્યો. નાનાં હતાં ત્યારે મોટી છોકરીઓ અમારું ધ્યાન રાખતી અને મોટાં થયાં પછી અમે નાની છોકરીઓનું ધ્યાન રાખતાં. એમનાં કપડાં ધોવાથી માંડીને નવડાવવા, માથું ઓળી આપવાનાં કામ પણ અમે પ્રેમથી કરતાં. આ જ તાલીમને કારણે લગ્ન પછી પારકાંને બહુ સહજતાથી પોતાનાં કરી શકી અને વડીલોની સેવા કર્યાનું પુણ્ય કમાઈ શકી.

**- ચંદ્રિકા એલ ટાંક**
**સેક્ટર-૨૩**

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એૅડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારી યાદગાર સ્કૂલ'